બિનસરકારી માધ્યમિક શાળાઓમાં
વિદ્યાર્થીસંખ્યામાં ઘટાડો થતાં
સિનિયર બિનશૈક્ષણિક સ્ટાફને જે તે
જગ્યાએ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૯૪-૩૬૪(૦૭)-ગ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૫.મીઓક્ટોબર ૨૦૦૭.

વંચાણે લીધા:

૧ શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:જીએસી. ૧૦૭૯-૨૯૧૪૦-ગ.તારીખ: ૨૭-૦૯-૧૯૭૯.
૨ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસએસએન-૫૦૭૭-૮૪૯૫૦-ગ તારીખ: ૨૮-૧૨-૧૯૭૭.
૩ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ ૧૧૯૦-૧૧૧૮૬-ગ-તા.૦૮-૦૩-૧૯૯૨.
૪ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ-૧૩૯૪-૩૬૪(૯૭)-ગ-તારીખ: ૨૨-૦૨-૧૯૯૯.
૫. ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨. તથા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ની જોગવાઈ.

ઠરાવ:

બિનસરકારી માધ્યમિક શાળાઓમાં બિનશૈક્ષણિક કર્મચારીઓનું મહેકમ વિદ્યાર્થી સંખ્યાના આધારે મળવાપાત્ર છે. વંચાણે લીધેલ ઠરાવો અન્વયે મળવાપાત્ર મહેકમના નોર્મ્સ નકકી કરવામાં આવેલ છે. હાલમાં વંચાણે ૪. આગળ દર્શાવેલ તા. ૨૨-૦૨-૧૯૯૯ના ઠરાવ મુજબ બિનશૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ અને પેટર્ન અમલમાં છે. સદરહુ ઠરાવના પત્ર નં. ૩.ની જોગવાઈ મુજબ વિદ્યાર્થીસંખ્યામાં ઘટાડો થવાને કારણે મળવાપાત્ર મહેકમમાં ઘટાડો થતાં તા.૦૪-૦૭-૧૯૯૮ કે ત્યાર બાદ નિમણુંક પામેલ જુનિયર ક્લાર્કને છુટા કરવાના જયારે અન્ય બિનશૈક્ષણિક સ્ટાફને યથાવત રીતે સેટ અપ મુજબ ચાલુ રાખવાના રહે છે.

ગુજરાત રાજય માધ્યમિક શાળા વહિવટીય સંઘ મહા મંડળ તરફથી રજુઆત થયેલ છે કે, વિદ્યાર્થીસંખ્યા ઘટતાં સીનીયર બિનશૈક્ષણિક કર્મચારીઓને પાયરી ઉતાર ( રિવર્ટ) આપવામાં આવે છે. મહા મંડળની આ રજુઆત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૯ ૨ા ૫.

બિનસરકારી માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા ઘટે ત્યારે સેટઅપમાં ફેરફાર કરવાને બદલે સૌથી છેલ્લા નિમણુંક પામેલ જુનિયર સેવા જુનિયરકલાર્ક કે, જે તા.૦૧.૦૭.૧૯૯૮ કે ત્યાર બાદ નિમણુંક પામેલ હોય તેને નોકરીમાંથી છુટા કરવાના રહેશે. તથા બાકીના સેટ અપ મુજબના સિનિયર વહીવટીય કર્મચારીઓને ત્રણ વર્ષ સુધી પાયરી ઉતાર (રિવર્ટ) કરવાને બદલે જે તે જગ્યા ઉપર ચાલુ રાખવાના રહેશે. અને સતત ત્રણ વર્ષ સુધી વિદ્યાર્થી સંખ્યા નોર્મ્સ કરતા ઘટતી રહે તો ચોથા વર્ષે તે કર્મચારીઓને મળવાપાત્ર જગ્યા સામે પાયરી ઉતાર (રિવર્ટ) કરવાના રહેશે. પરંતુ આ રીતે જુનીયર કલાર્કને છુટા કરવાથી જુનિયર કલાર્કની જગ્યાનું કામકાજ બાકીના વહીવટી કર્મચારીઓએ સંભાળવાનું રહેશે. અન્ય ઠરાવો હુકમોની જોગવાઈ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સૂચના ક્રમાંકના ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૦૧.૧૦.૨૦૦૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી / ( એસ. એમ. ગામીત. )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.